પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૧૬ | ૨૮ જાન્યુઆરી, ૨૦૧૯, સોમવાર; પોષ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રામમંદિર કેસની સુનાવણી વધુ એક વખત ટળી

## અયોધ્યા મામલે ૨૯મીએ થનારી સુનાવણી પણ અંતે ટળી : બંધારણીય બેંચમા સામેલ બોબડે ૨૯મીએ ઉપસ્થિત નહીં રહે

નવી દિલ્હી,તા. ૨૭ સુપ્રીમ કોર્ટે અયોધ્યા મામલા પર ૨૯મી જાન્યુઆરીના દિવસે થનારી સુનાવણીને ફરી ટાળી દેવામાં આવી છે. આની સાથે જ તારીખ પર તારીખ પડવાનો સિલસિલો જારી રહ્યો છે. બે દિવસ પહેલા જ સીજેઆઈ રંજન ગોગોઈએ અયોધ્યા મામલાની સુનાવણી માટે પાંચ બંધારણીય બેંચની રચના કરી હતી. સુપ્રીમ કોર્ટના એડિશનલ રજિસ્ટ્રાર લિસ્ટિંગ તરફથી આજે રવિવારના દિવસે જારી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, બંધારણીય બેંચમાં સામેલ કરાયેલા જસ્ટિસ એસએ બોબડે ૨૯મીએ ઉપસ્થિત રહેશે નહીં જેથી સુનાવણી કરાશે નહીં. અત્રે નોંધનીય છે કે, અયોધ્યા મામલાની સુનાવણી માટે ૨૫મી જાન્યુઆરીના દિવસે દેશના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ આખરે નવી બેંચની રચના કરી હતી. આ બેંચમાં જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ અબ્દુલ નઝીર સામેલ કરવામાં આવ્યા હતા અને ૨૯મી જાન્યુઆરીના દિવસે પાંચ જજની બેંચ દ્વારા મામલાની સુનાવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો પરંતુ હવે મંગળવારના દિવસે પણ સુનાવણી કરવામાં આવશે નહીં. તારીખ પર તારીખ પડવાનો સિલસિલો જારી રહ્યો છે. નવી રચવામાં આવેલી બેંચમા અન્ય ત્રણ જજમાં સીજેઆઈ, જસ્ટિસ એસએ બોબડે અને જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ સામેલ હતા. આમાથી હવે જસ્ટિસ એએસ બોબડે પણ ૨૯મીએ સુનાવણી

● અનુસંધાન પાન-૭ પર

# દેશભરમાં ગણતંત્ર પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી

**દિલ્હીમાં રાષ્ટ્રપતિએ ત્રિરંગો ફરકાવી રાષ્ટ્રધ્વજને સલામી અર્પી : વડાપ્રધાન મોદીની સાથે દ.આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામ્ફોસા આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા,દર વર્ષની જેમ આ વર્ષે પણ પરેડમાં આકર્ષક ટેબ્લો અને સૈન્યની વિવિધ પાંખની સલામી માર્ચ પાસ્ટના કાર્યક્રમો યોજાયા : ઉજવણી વેળા જુદી જુદી ઝાંકીઓ મુખ્ય આકર્ષણ : દિલ્હીમાં ઐતિહાસિક રાજપથ ખાતે ભવ્ય પરેડથી લોકો ભારે ઉત્સાહિત થયા**

નવી દિલ્હી, તા.૨૭ દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ગઈકાલે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઐતિહાસિક રાજપથ ખાતે આયોજિત ભવ્ય પરેડમાં ભારતની તાકાતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભારતીય સૈન્ય બળની ઝાંકી નિકળી ત્યારે દેશવાસીઓ ગર્વથી ઝુમી ઉઠ્યા હતા. ભૂમિ સેના, હવાઈ દળ અને નૌસેનાની ટુકડીઓ જ્યારે પરેડમાં નિકળી ત્યારે દેશભક્તિની ધૂન ચારેબાજુ જોવા મળી હતી. તમામ લોકો ગૌરવ અનુભવી રહ્યા હતા. સૈન્ય હથિયારોની સાથે દેશની તાકાતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભવ્ય પરેડનું નેતૃત્વ મેજર જનરલ અસીત મિસ્ત્રીએ કર્યું હતું. પરેડ દરમિયાન ટી-૯૦, ભવ્ય ટેંકનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સ્વસંચાલિત હોવિત્ઝર, કે-૯ અને







વ્રજ-ટીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આકાશમાં રહીને દેશનં રક્ષણ કરનાર ધ્રુવ અને રુદ્ર હેલિકોપ્ટરના પ્રદર્શન પણ યોજાયા હતા. આ વર્ષે પરેડમાં લેફટીનન્ટ ભાવના કસ્તુરીએ ઈતિહાસ રચીને સેનાના દળનું નેતૃત્વ કર્યું હતું જેમાં તમામ પુરૂષો હતા જ્યારે લેફટી અંબિકા સુધાકરને ભારતીય નૌકાસેનાની માર્ચિંગનું નેતૃત્વ કર્યું હતું. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય ઉજવણીમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા તેમના કેબીનેટના પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વિપક્ષના તમામ નેતાઓ પણ હાજર રહ્યા હતા. આ વર્ષે પ્રજાસત્તાક દિવસે આયોજિત કાર્યક્રમમાં અને પરેડમાં ૫૮ જનજાતિ મહેમાન પણ આકર્ષણ રહ્યા હતા. જુદા જુદા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૨૨ ઝાંકીઓ તેમજ સ્કુલી બાળકો દ્વારા રજૂ કરાયેલા કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. પ્રજાસત્તાક દિવસ કાર્યક્રમની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડિયા ગેટ સ્થિત અમર જવાન જ્યોતિ પર શહીદોને પુષ્પાજંલિ આપીને કરી હતી. વિકાસ પર આધારિત કેન્દ્ર સરકારના જુદા જુદા વિભાગની ઝાંકીઓ પણ આ વર્ષે રજૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રપિતા મહાત્મા

ગાંધીની ૧૫૦મી જયંતિને ધ્યાનમાં લઈને મોટાભાગની ઝાંકીઓમાં મહાત્મા ગાંધીની બાબતો રજૂ થઈ હતી. સાંસ્કૃતિક વિષય પર આધારિત કેટલીક ઝાંકીમાં લોકનૃત્ય પણ જોવા મળ્યા હતા.

## ન્યુઝ ટ્રેક

### દરેક જજની પાસે ૪૪૧૭ પેન્ડીંગ કેસ

કાયદા મંત્રાલયે કહ્યું છે કે હાલમાં હાઈકોર્ટના દરેક જજની પાસે ૪૪૧૭ જેટલા કેસ પેન્ડીંગ છે. નીચલી કોર્ટમાં આ સંખ્યા પ્રતિ જજ ૧૨૮૮ છે. હાલમાં દેશની હાઈકોર્ટમાં ૪૭.૬૮ લાખ પેન્ડીંગ કેસ છે. જ્યારે જિલ્લા અને અન્ય કોર્ટમાં આ સંખ્યા ૯.૯૧ કરોડની છે.

### હિમાચલમાં ઠંડીનો રેકોર્ડ : પારો માઈનસ ૧૭ ડિ.સે.

હિમાચલ પ્રદેશમાં હાલમાં રેકોર્ડ બ્રેક ઠંડી પડી રહી છે. ૨૦૦૮ પછી આ વર્ષ સૌથી ઠંડો રહ્યો છે. કેટલાક પર્વતીય વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧૭ ડિગ્રી પહોંચ્યુ છે. કેટલાક વિસ્તારોમાં વરસાદ પણ પડી શકે છે.

### અંતરીક્ષમાં બનશે હોટલ

અંતરીક્ષમાં દુનિયાની પહેલી હોટલ બનવા જઈ રહી છે. ૨૦૨૧ સુધીમાં તે સ્થાપિત કરવામાં આવશે. ૨૦૨૨ સુધી અહીં મહેમાનો જઈ શકશે. ૧૨ દિવસની સ્પેસ ટુરમાં છ યાત્રીઓ એક સાથે જઈ શકશે. વ્યક્તિદીઠ ૯.૫ મીલીયન ડોલરનો ખર્ચ થશે.

### પ્રવિણ તોગડિયા નવો પક્ષ બનાવશે

વિશ્વ હિન્દુ પરિષદથી અલગ થઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરૂદ્ધ મોરચો ખોલનાર વીએચપીના પૂર્વ અધ્યક્ષ ડૉ. પ્રવિણ તોગડિયા નવો પક્ષ બનાવી રહ્યા છે. ૯મી ફેબ્રુઆરીના રોજ દિલ્હીમાં તેઓ એક સંમેલન યોજી રહ્યા છે જેમાં નવી પાર્ટીની જાહેરાત થશે.

# દેશને લૂંટનાર દરેકે-દરેક વ્યક્તિએ કાયદાનો સામનો કરવો પડશે : મોદી

**વડાપ્રધાને તમિલનાડુના મદુરાઇમાં ૧૨૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર એઇમ્સનો શિલાન્યાસ કર્યો,લાખો લોકોએ ગો બેક મોદી ટ્વીટ કરી વિરોધ દાખવ્યો : સવર્ણ અનામતથી દલિત અનામત પર કોઈ અસર નહીં પડે**

ચેન્નાઈ,તા.૨૭ દેશના દરેક તબ્બકા સુધી સારુ સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવાના ઉદેશ્યથી પ્રધાનમંત્રી નરેન્દ્રે મોદીએ રવિવારે તમિલનાડુના મદુરાઈમાં અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (એમ્સ)નો પાયો નાખ્યો છે. ૧૨૦૦ કરોડના ખર્ચે બની રહેલા એમ્સનો પાયો નાખ્યા બાદ જનસભાનું સંબોધન કરતા પીએમ મોદીએ કહ્યું કે તેનો તમિલનાડુના દરેક લોકોને લાભ મળશે. અમારુ લક્ષ્ય છે કે તમિલનાડુ દેશનું એરોસ્પેસ અને ડિફેન્સ ઈન્ડસ્ટ્રીનું હબ બને. પીએમ મોદીએ તે દરમિયાન થંજાવુર, રાજાજી અને તિરૂનેલવેલીના મેડિકલ કોલેજના સુપર સ્પેશિયલિટી બ્લોકોનું પણ ઉદ્ઘાટન કર્યું છે.




તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર દેશના ભ્રષ્ટાચાર અને પરિવારવાદથી મુક્ત કરવા માટે પ્રભાવી પગલા ઉઠાવી રહી છે. દેશને લૂંટનાર દરેક વ્યક્તિને કાયદાનો સામનો કરવો પડશે. તેમણે કહ્યું કે સ્વાસ્થ્ય સેવા ક્ષેત્ર કેન્દ્રની એનડીએ સરકારની પ્રાથમિકતામાં સામેલ છે, જેથી દરેક વ્યક્તિ સ્વસ્થ અને તંદુરસ્ત રહી શકે. પીએમ મોદીએ કાર્યક્રમાં કહ્યું કે જે રીતે કેન્દ્ર સરકારની ઈન્દ્રધનુષ યોજના રફતાર પકડી રહી છે, તેનાથી સ્વાસ્થ્ય સેવા ક્ષેત્રે નવી મિસાલ કાયમ કરી રહી છે. ત્યારે પ્રધાનમંત્રી મૃત્યુ વંદના યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાનથી સુરક્ષિત ગર્ભધારણ એક મોટા આંદોલનના રીતે બહાર આવી રહ્યું છે.

# વૈષ્ણોદેવીથી પરત ફરતા ગુજરાતી શ્રદ્ધાળુઓની બસને દુર્ઘટના નડી

**બે ગુજરાતી મહિલાના મોત : ૨૫ ઘાયલ થયા : ઘાયલ શ્રદ્ધાળુઓ પૈકી ત્રણની હાલત ગંભીર : મુખ્યપ્રધાન રૂપાણીએ દુઃખ વ્યક્ત કર્યું : તમામ સહાયની ખાતરી**




અમદાવાદ, તા. ૨૭ જમ્મુ કાશ્મીરમાં વૈષ્ણોદેવી દર્શન કરવા માટે ગયેલા ગુજરાતી શ્રદ્ધાળુઓને દુર્ઘટના નડતા આઘાતનું મોજુ ફરી વળ્યું છે. જમ્મુ-પઠાણકોટ હાઈવે પર અકસ્માત નડતા બે મહિલાઓના મોત થયા હતા અને ૨૫થી વધુ શ્રદ્ધાળુઓને ઈજા થઈ છે જે પૈકી ત્રણની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દુખ વ્યક્ત કરતા કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં ગુજરાતના ૨૫ શ્રદ્ધાળુઓને નડેલા માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા ઈજાગ્રસ્તો જમ્મુ ખાતેની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેમને ઝડપી અને શ્રેષ્ઠ સારવાર મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. અન્ય વ્યવસ્થાઓ કરવા માટે મુખ્ય સચિવ અને રાહત કમિશનર મનોજ કોઠારીને જમ્મુ કાશ્મીરના સત્તાવાળાઓ સાથે સંપર્કમાં રહીને કામ કરવા કહેવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યં હતં કે, સુરત જિલ્લાના ૨૫ લોકો વૈષ્ણોદેવી ગયા હતા. અમૃતસર જતી વેળા પ્રવાસી બસ પલટી ખાઈ જતાં જેમાં બે બહેનોના મોત થયા હતા. ૨૨ શ્રદ્ધાળુઓને ઈજા થઈ હતી. મળેલી માહિતી મુજબ જય ગણેશ દેવા ટુર એન્ડ ટ્રાવેલ્સ બસ હતી. સુરતના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના પ્રકાશ ભાઈ દ્વારા જમ્મુ કાશ્મીર જય ગણેશ દેવા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની બસ જેકે-૦૨સીબી૧૮૫૪ બુક કરવામાં આવી હતી. વહેલી સવારે પોણા દસ વાગ્યાની આસપાસ ગુજરાતના યાત્રીઓ વૈષ્ણોદેવીની યાત્રા કરીને અમૃતસર જઈ રહ્યા હતા ત્યારે આ શ્રદ્ધાળુઓ વાઘા બોર્ડરની પરેડ જોવા નિકળ્યા હતા. એજ ગાળામાં જમ્મુ કાશ્મીરના કઠુઆમાં બસ ડિવાઈડર સાથે અથડાયા બાદ પલટી ખાઈ જતાં બે મહિલાઓના મોત થયા હતા. મૃત્યુ પામેલી બંને મહિલાઓની ઓળખ કરી લેવામાં આવી છે.

# પીએસયુ બેંકોના વડાની સાથે આજે નાણામંત્રીની બેઠક

**બેંકોની નાણાંકીય સ્થિતિ પર ચર્ચા વિચારણા થશે : આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસ પણ ઉપસ્થિત રહેશે બેડલોન, ક્રેડિટ પ્રવાહ, સરકારી યોજનાઓના મુદ્દા છવાશે**

નવી દિલ્હી, તા. ૨૭ નાણામંત્રી પીયુષ ગોયેલ આવતીકાલે જાહેર ક્ષેત્રની બેંકોના સીઈઓ સાથે મહત્વપૂર્ણ બેઠક કરનાર છે જેમાં બેંકિંગ ક્ષેત્રની સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે. ઉપરાંત બેંકોની નાણાંકીય સ્થિતિને સુધારવા માટે જુદા જુદા પગલા ઉપર ચર્ચા થશે. બજેટ ૨૦૧૯-૨૦ના ત્રણ દિવસ બાકી રહ્યા છે ત્યારે આ બેઠક મહત્વપૂર્ણ થનાર છે. એપ્રિલ-મે મહિનામાં સામાન્ય ચૂંટણી યોજાનાર છે. સમગ્ર દિવસ દરમિયાન ચાલનારી આ બેઠકમાં આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસ પણ હાજર આપશે. સાતમી ફેબ્રુઆરીના દિવસે તેમના નેતૃત્વ હેઠળ પ્રથમ નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવનાર છે. સારવારને લઈને અરુણ જેટલી હાલમાં અમેરિકામાં છે જેથી ગયા બુધવારના દિવસે પીયુષ ગોયેલને નાણામંત્રાલયનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો. બેડલોનની સ્થિતિના મુદ્દે પણ આવતીકાલેની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત બેઠકમાં સરકારની જુદી જુદી યોજનાઓ જે હાલમાં અમલી છે તેમની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે. એમએસએમઈ, એગ્રીકલ્ચર અને રિટેલ સેક્ટરોમાં ક્રેડિટ પ્રવાહને લઈને પણ સમીક્ષા કરવામાં આવનાર છે. ચર્ચામાં એનપીએનો મુદ્દો પણ છવાઈ જાય તેવી શકયતા દેખાઈ રહી છે. પબ્લિક સેક્ટર બેંકોમાં બેડલોનમાં ૨૩૦૦૦ કરોડ રૂપિયાનો હાલમાં ઘટાડો થયો છે.

# લેખિકા ગીતા મહેતાનો પદ્મશ્રી પુરસ્કાર સ્વીકારવાનો ઈન્કાર

**ચૂંટણી પહેલા આપવામાં આવેલા આ સન્માનથી ખોટો સંદેશ જશે : ગીતા મહેતા**

ન્યુ દિલ્હી,તા.૨૭ પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ જાહેર થયેલાં પદ્મ પુરસ્કારોની શ્રેણીના પદ્મશ્રી પુરસ્કારના એક વિજેતાએ તેમને માટે જાહેર કરાયેલો પુરસ્કાર સ્વીકારવાની ના પાડી દીધી છે. પદ્મ શ્રી પુરસ્કાર સ્વીકારવાનો ઈનકાર કરનાર લેખિકા ગીતા મહેતા છે, જેઓ ઓડિશાના મુખ્યપ્રધાન નવીન પટનાઈકના બહેન થાય છે.



લેખિકા ગીતા મહેતાએ સરકાર તરફથી આપવામાં આવેલા પદ્મ શ્રી સન્માન સ્વીકાર કરવાનો ઈક્રાર કરી દીધો છે. પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યા પર મહેતાને આ સન્માનથી નવાજવાની જાહેરાત કરવામાં આવી હતી, જેને લઈને ન્યૂયોર્કમાં રહેતા લેખિકાએ કહ્યું કે લોકસભા ચૂંટણીના થોડાક જ મહિના પહેલા આપવામાં આવેલા આ સન્માનથી ખોટો સંદેશ જશે. મહેતાએ આ સંબંધમાં એક નિવેદન જાહેર કરી કહ્યું કે આ પગલું સરકાર અને તેમના માટે શરમમાં મૂકવા સમાન બની શકે છે.

# પ્રજાસત્તાક દિવસે કાશ્મીરમાં બે સ્થળે હુમલા

ભારત ગણતંત્ર દિવસની ઉજવણી કરી રહ્યું છે અને આતંકી કાશ્મીર ઘાટીમાં પોતાની નાપાક કરતૂતોને અંજામ આપી રહ્યા છે. શનિવાર પ્રજાસત્તાક દિવસે પણ આતંકીઓએ સુરક્ષા દળો પર હુમલા કર્યા, જેમાં સીઆરપીએફના પાંચ જવાન ઘાયલ થયા. આતંકીવાદીઓએ કાશ્મીર ઘાટીના પુલવામાના પંપોર અને ખાનમો વિસ્તારમાં હુમલા કર્યા હતા.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225